# લગ્નમાં ડી.જે.નો અવાજ ન ઘટાડતા પડોશી દ્વારા ફાયરીંગ

## શિહોલી મોટી ગામમાં બની ફિલ્મી દૃશ્ય જેવી ઘટના : નિવૃત્ત આર્મી જવાને ત્રણ રાઉન્ડ ફાયરીંગ કર્યું : લગ્નમાં આવેલા મહેમાનના પગે એક ગોળી વાગી : ત્રણની ધરપકડ

ગાંધીનગર, તા. ૧૫

ચિલોડા નજીક આવેલા શિહોલી મોટી ગામમાં ગઈ રાત્રે લગ્નનો વરઘોડો ડી.જે. સાથે નિકળ્યો હતો. ડી.જે.નો અવાજ ઓછો કરવાનું કહેવા છતાં અવાજ ઘટાડ્યો નહી એટલે પડોશમાં રહેતા નિવૃત્ત આર્મીમેને ઘરમાં જઈને પોતાની લાયસન્સ વાળી બંદૂર નિકાળી અને ધડાધડ ત્રણ રાઉન્ડ ફાયર કરી દેતા સન્નાટો છવાઈ ગયો હતો. લગ્નમાં આવેલા મહેમાનના પગમાં એક ગોળી વાગતા તેને દાખલ કરવામાં આવ્યા છે. ચિલોડા પોલીસે નિવૃત્ત જવાન અને તેના બે દિકરા મળી ત્રણ શખ્સોની ધરપકડ કરી લઈ બંદૂક રીકવર કરી વધુ તપાસ આરંભી છે.



શિહોલી મોટી ગામમાં ગઈ રાત્રે લગ્નનો વરઘોડો નિકળ્યો હતો. ડીજેના તાલે પરિવાર અને કુટુંબના સભ્યો તથા વરઘોડીયાના મિત્રો સંબંધીઓ નાચી રહ્યા હતા. તે દરમ્યાન ગામમાં જ નજીકમાં રહેતા પડોશી નિવૃત્ત આર્મીમેન ટેકામનરામ કનોજીયાએ ડીજે ધીમે વગાડવા કહ્યું હતુ પરંતુ અવાજ ન ઓછો થતા બોલાચાલી થઈ હતી અને ટેકામનરામ તેમના રૂમમાં જઈને લાયસન્સ વાળી પોતાની બંદૂક લઈને બહાર આવી ગયા હતા. ધડાધડ ત્રણ રાઉન્ડ ફાયરીંગ થતાં ગામમાં સોંપો પડી ગયો હતો. એક ગોળી મહેમાન સુશીલકુમાર જ્ઞાનચંદ શર્માના પગે વાગતા તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. શુશીલકુમારની ફરીયાદ લઈ ચિલોડા પોલીસે નિવૃત્ત આર્મીમેન સામે ફાયરીંગ કરી હત્યાનો પ્રયાસ કરવા બદલ અને તેમના બે દિકરા રણજીત અને કમલ સામે ગુનામાં મદદગારી કરવા બદલ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ક્રોસ ફરિયાદ પણ આ ગુનામાં નોંધાવા પામી છે. પીઆઈ એલ.ડી. વાઘેલાએ આજે બંદૂક રીકવર કરી ત્રણ શખ્સોની ધરપકડ કરી લઈ ઊંડી તપાસ શરૂ કરી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આ મોબાઈલ નંબર અને આધાર કાર્ડ, હવે કેશલેસ ઈંન્ડિયા બન્યું છો... મે પણ પેપરના પુસ્તકો ફેંકી દીધા છે... તમારે જે માર્ક આપવા હોય તે મારા એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દેજો...

# પંદર વર્ષમાં સૌ પ્રથમ વખત રાસાયણિક ખાતરોના ભાવમાં નોંધપાત્ર ઘટાડો

ગાંધીનગર, તા.૧૫

છેલ્લા પંદર વર્ષમાં પ્રથમ વખત ડી.એ.પી., એમ.ઓ.પી (પોટાશ) તથા એન.પી.કે રાસાયણિક ખાતરોના વેચાણ ભાવમાં ભારત સરકારના કેન્દ્રીય રસાયણ મંત્રાલાયના અથાગ પ્રયત્નો થકી નોંધપાત્ર ઘટાડો થયો હતો. આંતરરાષ્ટ્રીય કક્ષાએ કાચો માલ/ ડી.એ.પી.ના ભાવો ઓછા થવાથી તેમજ ભારત સરકારના સક્રિય પ્રયત્નો થકી ડિસેમ્બર-૨૦૧૬ના મધ્યમાં ડી.એ.પી ખાતરની ૫૦ કિલોગ્રામની બેગમાં ૬૫/- રૂપિયાનો ભાવ ઘટાડો થયો છે.

નાયબ ખેતી નિયામક(વિ), ગાંધીનગર દ્વારા જણાવવામાં આવ્યું છે કે, પાક ઉત્પાદનમાં રાસાયણિક ખાતરએ મહત્વનું ઈનપુટ છે. હાલમાં રાજયમાં તમામ રાસાયણિક ખાતરો પુરતી માત્રામાં ઉપલબ્ધ છે. ખેડૂત મિત્રોના હિતોને અગ્રિમતા આપવા ભારત સરકારના સક્રિય પ્રયત્નો થકી છેલ્લા પંદર વર્ષમાં પ્રથમ વખત જુલાઈ-૨૦૧૬માં ૫૦ કિલોગ્રામની ડી.એ.પી. ખાતરની બેગમાં રૂ. ૧૨૫/-, એમ.ઓ.પી (પોટાશ)માં રૂ. ૨૫૦/- તથા એન.પી.કે.માં રૂ. ૫૦/-નો વેચાણ કિંમતમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. જેનો ખેડૂતભાઈઓએ મોટા પ્રમાણમાં ફાયદો થયો હતો.

ભારત સરકારના સક્રિય પ્રયત્નો થકી ડિસેમ્બર- ૨૦૧૬માં પુનઃ ડી.એ.પી. ખાતરની ૫૦ કિલો બેગ પર વધુ રૂ. ૬૫/-નો ભાવ ઘટાડો થયો છે. જેના પરિણામે ખાતરનો અગાઉ સરેરાશ ભાવ રૂ. ૧૧૫૦/- હતો તે ઘટીને રૂ. ૧૦૮૫/-પ્રતિ ૫૦ કિલોગ્રામ બેગનો થયો છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે કંપનીવાર ડી.એ.પી ખાતરની વેચાણ કિંમત અલગ-અલગ હોઈ શકે છે.

રાસાયણિક ખાતરોનાં વેચાણ ભાવમાં થયેલા ઘટાડો ખેડૂત વર્ગ માટે રાહતરૂપ છે, આમ તમામ ખેડૂતમિત્રોને ઘટાડેલ નવા ભાવો મુજબ રાસાયણિક ખાતરોની ખરીદી કરવા અનુરોધ નાયબ ખેતી નિયામક (વિ), ગાંધીનગરએ અખબારી યાદીમાં જણાવ્યું છે.



ગાંધીનગર એ ભલે રાજ્યનું પાટનગર હોય અને અહીંની નગર વ્યવસ્થાની ભલે ચોમેર પ્રશંસા થઈ રહી હોય પરંતુ અહીંના વ્યવસ્થાતંત્રની સ્થિતિ એનાથી વિપરીત છે. એમાંય ઔદ્યોગિક પ્રવૃત્તિથી ધમધમતા સૅક્ટર-૨૮ના જીઆઈડીસી વિસ્તારની સુવિધાઓને તો ગ્રહણ લાગ્યું હોય તેવી સ્થિતિ છે. પહેલાં વર્ષો સુધી અહીંનો માર્ગ દુરસ્ત ન હતો, એ દુરસ્ત કરવાની કામગીરી બુધવારે શરૂ કરવામાં આવી એ સમાચારથી આ વિસ્તારના ઉદ્યોગપતિઓ આનંદિત થાય એ પહેલાં તો ઊભરાતી ગટરે તેમને પરેશાન કર્યા છે. આ ગટરનેય ગાંધીનગરની સુવિધાઓની માફક ગ્રહણ લાગ્યું છે. છેલ્લા ચોમાસામાં આ ગટર બે મહિનાથી વધુ સમય માટે ઊભરાતી રહી હતી અને વિસ્તારને પવિત્ર કરતી રહી હતી. આ વખતે પણ છેલ્લા એક મહિનાથી તે ઊભરાઈ રહી હોવાની રાવ સ્થાનિક ઉદ્યોગપતિઓ કરી રહ્યા છે, જોઈએ તંત્રના કાને આ સમાચાર ક્યારે પહોંચે છે !

# કોબા ગામ ખાતે સેવાસેતુ કાર્યક્રમમાં ૨૩૪૧ અરજીઓનો હકારાત્મક નિકાલ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર તાલુકાના કોબા ખાતે આજરોજ સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો. આ સેવા સેતુ કાર્યક્રમનો લાભ મોટી સંખ્યામાં આસપાસના ૧૨ જેટલા ગામના ગ્રામજનોએ લીધો હતો. સેવાસેતુ કાર્યક્રમની ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી



ઠાકોર, જિલ્લા કલેકટર શ્રી સતીશ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.પી.દેસાઈએ મુલાકાત લીધી હતી. સેવાસેતું કાર્યક્રમની વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કરીને લાભાર્થીઓના મુખે અભિપ્રાય મેળવ્યા હતા.

આ સેવાસેતુ કાર્યક્રમમાં કુલ-૨૩૪૧ અરજીઓ આવી હતી. તમામ અરજીઓનો હકારાત્મક નિકાલ થયો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિશાબેન શર્મા અને ગાંધીનગર મામલતદાર શ્રી એ.જે.જોષીના માર્ગદર્શન હેઠળ વિવિધ કચેરીના કર્મચારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોબા ગામના સરપંચ શ્રી યોગેશ નાયી સહિત વિવિધ ગામના સરપંચશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.



સૅક્ટર-૩ ખાતે સ્થાનિકો અને નગરજનોના લાભાર્થે આયુર્વેદિક તબીબ દ્વારા નિઃશુલ્ક ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો લાભ મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોએ લીધો હતો. તબીબ દ્વારા ચેક-અપ કર્યા બાદ યોગ્ય આરોગ્ય વિષયક ઉપાયો અને દવાઓનું સૂચન નાગરિકોને કરવામાં આવ્યું હતું.

# ઊર્જાનો સમજપૂર્વકનો ઉપયોગ દેશના સર્વાંગી વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવી શકે : એમ. કે. દાસ

ગાંધીનગર, તા.૧૫

ભારતનું અર્થતંત્ર વિશ્વમાં સૌથી વધુ ઝડપે વિકસી રહ્યું છે ત્યારે ઉર્જાનો વિવેક અને સમજપૂર્વકનો વપરાશ દેશની વૃદ્ધિમાં મહત્વપૂર્ણ ભૂમીકા નિભાવી શકે છે, તેમ ગુજરાત રાજ્યનાં ખાદ્ય અને નાગરિક પુરવઠો તેમજ



ગ્રાહક બાબતોનાં પ્રિન્સીપાલ સેક્રેટરી શ્રી મનોજકુમાર દાસે જણાવ્યું હતું. તેલ અને ગેસ સંરક્ષણ ઝુંબેશ સક્ષમ ૨૦૧૭નાં સમાપન સમારંભમાં મુખ્ય મહેમાનપદેથી બોલતાં દાસે જણાવ્યું હતું કે, ભારત પાસે વિશ્વની માત્ર ૦.૩ ટકા જેટલી જ ઓઈલની અનામતો છે. વિશ્વમાં અમેરિકા અને ચીન પછી ઉર્જાની સૌથી વધુ વપરાશ કરતો ભારત ત્રીજા નંબરનો દેશ છે. અંદાજે વિશ્વની કુલ ઓઈલની ખપતમાં ભારત પાંચ ટકા જેટલો વપરાશ ધરાવે છે. ભારતીય અર્થતંત્રની ઝડપી વૃદ્ધિને લક્ષમાં લેતાં આ વપરાશ આઠથી નવ ટકાની થવાની ગણતરી છે. આથી જો સમજપૂર્વકનો વપરાશ કરવામાં આવે તો આપણે ભાવિ પેઢીને સારો વારસો અને સ્વચ્છ પર્યાવરણની ભેટ આપી શકીએ તેમ છીએ. આપણે દેશનો પ્રત્યેક નાગરિક આખુ વર્ષ તેલ અને ગેસ સંરક્ષણ ઝુંબેશ સમજપૂર્વક ઉજવતો રહે તે ઈચ્છનીય છે. મનોજકુમાર દાસે વધુમાં જણાવ્યું કે, તેલનો સમજપૂવર્કનો વપરાશ દેશનાં પ્રત્યેક નાગરિકને વાર્ષિક લાખો રૂપિયાની બચત કરાવી શકે તેમ છે અને પર્યાવરણનું રક્ષણ કરવામાં પણ મહત્વનો ફાળો આપી શકે તેમ છે.

તેલ અને ગેસ સંરક્ષણ ઝુંબેશ સક્ષમ-૨૦૧૭ની આજે વિધિવત પૂર્ણાહૂતિ થઈ હતી. તેલ ઉદ્યોગની કંપનીઓ ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિ., હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ., ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. અને ગેઈલ (ઈ) લિ. દ્વારા પેટ્રોલિયમ કન્ઝર્વેશન એન્ડ રિસર્ચ એસોસિએશન (પીસીઆરએ)નાં સહયોગમાં તા. ૧૬ જાન્યુઆરી ૨૦૧૭થી એક માસ સુધી તેલ અને ગેસ સંરક્ષણ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

તેમણે તેલ અને ગેસ સંરક્ષણની જરૂરિયાત પર ભાર મુકતા જણાવ્યું કે, ડિઝલનું પ્રતિ સેકન્ડે વેડફાતા ટીપાથી વર્ષે અંદાજે ૨૫૦૦ લિટર ડિઝલનો વ્યય થાય, જેની હાલની કિંમત અંદાજે રૂ. ૧.૨૫ લાખ થાય. આથી દેશનો પ્રત્યેક નાગરિક તેલ અને ગેસનાં સમજપૂર્વકનાં વપરાશ દ્વારા લાખો રૂપિયાની બચત કરીને પર્યાવરણને થતું નુકશાન અટકાવી શકે તેમ છે.

# અનુસૂચિત જાતિ અતિપછાત વિકાસ નિગમ હવેથી 'ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ' તરીકે ઓળખાશે

ગાંધીનગર ખાતે આવેલ ગુજરાત અનુસૂચિત જાતિ અતિપછાત વિકાસ નિગમનું નવુ નામાભિધાન કરવાનો નિર્ણય રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કરવામાં આવ્યો છે. આ નિગમ હવે નવા નામે 'ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુ.જાતિ)' તરીકે ઓળખાશે. સામાજિક ન્યાય, અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી આત્મારામભાઈ પરમારની ઉપસ્થિતિમાં આજે ગાંધીનગર ખાતે નામકરણ વિધિ યોજાઈ હતી..

# સે-૩/એ ચેહરધામ ખાતે શિવકથા યોજાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૩ એ ઘ-૧ પાસે આવેલ ચેહર ધામ ખાતે મહાશિવરાત્રી નિમિતે શિવકથાનું આયોજન તા.૧૮ થી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન કરવામાં આવ્યું છે.

કથા સમય બપોરે ૨.૩૦થી ૫.૩૦ રાખવામાં આવેલ છે. શહેરના યુવા કથાકાર સંજય ભારતી બાપુની વ્યાસપીઠે યોજાનાર શિવકથામાં બાર જયોતિલીંગ પ્રાગટય કથા પૂજા અને પાર્થિવ જયોતિલીંગ દર્શનનો લાભ શિવરાત્રીના દિવસે તેમજ તા.૨૦ના રોજ માતાજી પ્રાગટય અને ખ્યાતનામા કલાકારો દ્વારા રાસ ગરબા, તા.૨૪ ના રોજ શિવ વિવાહ, મહોત્સવ, સુંદરકાંડના પાઠ, તા.૨૬ ના રોજ કથા વિરામ તેમજ ભારતી બાપુ દ્વારા ભકતોને વિના મુલ્યે પંચમુખી રૂદ્રાક્ષનું વિતરણ કરવામાં આવશે. આ શિવકથા શ્રવણનો લાભ લેવા મંદિર પરિવાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

**રક્તદાન મહાદાન**

# જનવેદના સંમેલનમાં મહિલાઓની ધીરજ ખુટી

ગાંધીનગર, તા. ૧૫

આજે ગાંધીનગર શહેર કોંગ્રેસ દ્વારા યોજાયેલ જનવેદના સંમેલનમાં નોટબંધી, નલિયાકાંડ, જનવિરોધી નીતિઓ અંગે પુછાયેલા પ્રશ્નોના ઉદ્ધત જવાબોથી અકળાયેલી મહિલા કોંગ્રેસની કાર્યકર્તાઓએ પ્રધાનમંત્રી મોદીના માસ્ક પર ચપ્પલમારો ચલાવ્યો હતો.

નોટબંધીના ૩ માસ કરતા વધુ સમય વિતી ગયો હોવા છતાં પ્રજાની હાડમારી તથા હાલાકી ઓછી થઈ નથી. ઉપરાંત બોદી એવી મોદી સરકારની જનવિરોધી નીતિઓને પ્રજા સમક્ષ ઉજાગર કરવા કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ સમગ્ર દેશમાં 'જન વેદના સંમેલનો' દ્વારા પ્રજાની વેદનાને વાચા આપી આંદોલન છેડ્યુ છે. જેના ભાગરૂપે આણંદ મુકામે રાજ્ય સ્તરના મળેલા જન વેદના સંમેલનમાં ગુજરાતના પ્રભારી ગુરૂદાસ કામત, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ ગુજરાતની ૧૮૨ વિધાનસભા બેઠકો ઉપર જન વેદના સંમેલનો યોજવાની જાહેરાત કરી હતી.

જે અન્વયે ગાંધીનગરની જિલ્લાની પાંચેય વિધાનસભા બેઠકો ઉપર ફેબ્રુઆરી માસમાં જિલ્લા કોંગ્રેસ દ્વારા જનવેદના પંચાયતો યોજાઈ રહી છે. જેના ભાગરૂપે ગણેશ પાર્ટી પ્લોટ, કલોલ ખાતે ગત તા. ૧૧ જાન્યુઆરીએ નકલી વડાપ્રધાન પર ટામેટાનો મારો ચલાવીને રોડ ઉપર દોડાવ્યા હતા. તે જ રીતે ૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભા વિસ્તારના પ્રજાજનોની ઉપસ્થિતિમાં આજરોજ તા. ૧૫મીએ બપોરે ૨ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સે. ૧૨, ગાંધીનગર ખાતે જિલ્લા પ્રમુખ સૂર્યસિંહ ડાભી, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહ, પ્રદેશ પ્રવક્તા નિશિત વ્યાસ, વિક્રમસિંહ ખાચર, મુકેશ પટેલ, શૈલેન્દ્રસિંહ બિહોલા, ચિમનભાઈ વિંઝુડા, ભાનુમતિ રોહિત વિગેરેની ઉપસ્થિતિમાં 'જન વેદના પંચાયત' યોજાઈ હતી.







જેમાં 'મોદી થાય પેશ, સંકટમાં છે દેશ'ની થીમ ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું મહોરુ પહેરાવીને નકલી નરેન્દ્ર મોદીને કોંગ્રેસ પ્રેરિત જન વેદના પંચાયતમાં ઉપસ્થિત રખાયા હતા. જ્યાં ઉપસ્થિત નગરજનોએ નોટબંધી, નલિયા કાંડ અને મોદી સરકારની જન વિરોધી નીતિઓ બાબતે પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો. નગરજનોનો ઉગ્ર આક્રોશ નકલી વડાપ્રધાન ઉપર હાવી થતા વડાપ્રધાન ઉત્તરો આપી શક્યા ન હતા. જેથી નગરજનો અને મહિલાઓ મોદી વિરોધી સૂત્રોચ્ચાર સાથે મંચ તરફ ધસી ગયા હતા અને તમાચા ઝિંક્યા હતા.

આમ મહિલા સશક્તિકરણની વાતો કરતા નરેન્દ્રભાઈને ગાંધીનગરની મહિલાઓએ પોતાના આગવા મિજાજમાં શક્તિ બતાવી હતી.